## પાંચ વર્ષ કરતા વધુ સમયથી ૯૯૫૭ કરોડના વેરા વસુલવાના બાકી

રાજ્યમાં પાંચ વર્ષ કરતા વધારે સમયથી કેટલાક વાણિજ્યીક એકમો પાસેથી ૯૯૫૭ કરોડ રૂપિયાનો ટેક્સ વસૂલવાનો બાકી છે. વિધાનસભામાં રજુ થયેલા કેગના અહેવાલમાં મહેસૂલી બાકી રકમ ૨૨૩૯૭ કરોડ થવા જાય છે. ૩૧ માર્ચ ૨૦૧૫ના રોજ મહેસૂલીના ચાર જેટલા મહત્વના વિભાગોમાં બાકી ટેક્સની રકમનો આંકડો એટલો મોટો છે કે કેગ તરફથી બાકી વસૂલાતની તાકીદ કરવામાં આવી છે. સૌથી વધુ ૨૦૭૬૪.૭૬ કરોડ મૂલ્ય વર્ધિત વેરો-વેટ અને સેલ્સટેક્ષ ઉઘરાવવાનો બાકી છે.

આશ્વાસનની બાબત એવી છે કે વેપારીઓની નાદારીના કારણે ૪૧૪.૮૦ કરોડનો વેટ વસુલાઈ શક્યો નથી. પાંચ વર્ષ કરતા વધુ વર્ષથી બાકી છે. તેવા વેરાની રકમ ૮૫૩૧.૬૫ કરોડ થવા જાય છે.

## આગ બબુલા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બન્યો છે.ત્યારે માલસામાન તેમજ મજુરોને ચુકવણા કરવા માટે કોન્ટ્રાકટરોએ વ્યાજે પૈસા લાવવાનો વારો આવ્યો હોવાનો રોષ પણ સેવાઇ રહયો છે. વિભાગના જવાબદાર અધિકારીઓએ પણ આ મામલે રજુઆત સાંભળવાની જગ્યાએ હાથ ઉંચા કરી દીધા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે માર્ગ મકાન વિભાગના સચિવે પણ રજુઆત સંદર્ભે ઉડાઉ જવાબ આપતા આજે કોન્ટ્રાકટરો પાટનગર યોજના ભવન પાસે મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા. આ દરમિયાન તેમણે ઉગ્ર સુત્રોચ્ચાર કરી વિભાગની નિતિ સામે વિરોધ પ્રદર્શત કર્યો હતો. માર્ગ મકાન વિભાગ દ્વારા બીલો ન ચુકવાતા કોન્ટ્રાકટરો આગ બબુલા સુત્રોચ્ચાર કર્યા... વિભાગના સચિવે પણ સંતોષકારક જવાબ ન આપતા પાટનગર યોજના ભવનની કચેરી પાસે એકત્રિત થયેલા કોન્ટ્રાકટર એસોસિએશનના સભ્યોએ રોષ ઠાલવ્યો.

## જાજરમાન બહુમાન...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાતના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને જાણીતા કવિ શ્રી ભાગ્યેશભાઈ જહાની વિશેષ ઉપસ્થિતિમાં ગુજરાતના લોકપ્રિય યુવા કવિ શ્રી અંકિતભાઈ ત્રિવેદીએ 'અનિમેષ નયનેશ' કાર્યક્રમનું સંચાલન કરતાં શ્રી નયનેશભાઈ જાનીના સ્વરાંકનોને ખોબલે-ખોબલે બિરદાવ્યા હતાં. પનઘટ કલાકેન્દ્રના અધ્યક્ષ શ્રી ભાવિન પટેલે આ ગૌરવશાળી પ્રસંગે સૌને આવકારીને આ અવસર આપવા બદલ શ્રી નયનેશભાઈ જાની પ્રતિ આભારની લાગણી પ્રદર્શિત કરી હતી.

આ પ્રસંગે બેજોડ સ્વરકાર શ્રી નયનેશ જાનીએ સ્વરબધ્ધ કરેલી શ્રેષ્ઠ ગઝલો અને સુંદર ગીતોના આલ્બમ - 'સફર' અને 'તું અને હું' નું વિમોચન પણ કરાયું હતું. ગુજરાતી સુગમ સંગીતના જાણીતા ગાયકો નિશા ઉપાધ્યાય કાપડિયા(મુંબઈ), અર્ચના દવે, આનલ વસાવડા, અભિતા પટેલ, દિવ્યાંગ અંજારિયા, ભૂમિક શાહ અને પ્રહર વોરાએ શ્રી મયુરભાઈ દવેના સંગીત સંકલનમાં શ્રી નયનેશ જાનીના તેમને ગમતાં જાનદાર સ્વરાંકનોની અદ્‌ભૂત રજૂઆત કરીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી મુક્યા હતા. અંતમાં પનઘટ કલા કેન્દ્રના શ્રી ભાવિન પટેલે આ અભૂતપૂર્વ કાર્યક્રમમાં સહભાગી બનેલા સહુનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો. ગાંધીનગર માટે આ અવસર ચિરસ્મરણીય બની રહેશે.

## વિધાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જણાવ્યુ છે કે જિલ્લામાં કુમાર માટે ૨૯ છાત્રાલયો ચાલે છે અને તેમાં ૧૫૮૨ વિદ્યાર્થીની માન્ય સંખ્યા છે. તેમણે એમ પણ જણાવ્યુ છે કે જિલ્લામાં ૯ કન્યાઓ માટેના છાત્રાલયો ચાલે છે અને તેમાં ૫૩૨ માન્ય સંખ્યા છે.

**● સંકટ મોચન યોજના**

ભાજપના શ્રી અશોક પટેલે સંકટ મોચન યોજના અંતર્ગત મળએલ અરજીઓ અંગે પુછેલા એક પ્રશઅનના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારિતા મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાંથી ૧૬૮ અરજી મળી હતી. જેમાંથી ૧૦૮ અરજી મંજૂર કરવામાં આવી છે અને ૫૮ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.

**● યુવીન કાર્ડ**

કોંગીના ડૉ. તેજશ્રીબેન પટેલે જિલ્લાના સંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓને યુવિન કાર્ડ આપવા માટેના પુછેલા પ્રશ્નના ઉત્તરમાં શ્રમ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં ૧૨,૬૧૧ શ્રમયોગીઓને આ કાર્ડ આપવામાં આવ્યા છે.

## બજેટ મંજુર..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોગવાઈ કરી સ્ત્રી સશક્તિકરણમાં મહત્વનું પગલુ ભર્યુ હોવાનું જણાવ્યું હતું. શ્રી ઠાકોરે જિલ્લા પંચાયતના કર્મચારીના મૃત્યુના કેસમાં સ્વભંડોળમાંથી ચુકવાતી સહાય જે ૫૦ હજાર હતી તેમાં ૫૦ હજારનો વધારો કરી રૂ. ૧ લાખની સહાય ચુકવવાની જોગવાઈ કરાઈ હોવાનું જણાવ્યું હતું.

જિલ્લામાંથી સરહદ પર શહીદ થનાર યુવક માટે પંચાયતના સ્વભંડોળમાંથી રૂ. ૧ લાખની સહાય આપી ખાસ સન્માન કરવાની જાહેરાત પણ કરી હતી. આ ઉપરાંત પાતાળકુવા રીપેરીંગ, મેઈન્ટેન્સ માટે રૂ. પાંચ લાખ તથા પાણીની સુવિધા માટે ગ્રામ પંચાયતને રૂ. ૬૦ લાખની સહાયની જોગવાઈ પણ અંદાજપત્રમાં કરવામાં આવી હોવાની જાહેરાત કરી હતી.

જિલ્લા પંચાયતની કામગીરી કોમ્પ્યુટરાઈઝ્ડ કરવા માટે નવા કોમ્પ્યુટર, પ્રિન્ટર અને સ્કેનર વિગેરે ખરીદવા માટે પણ રૂ. પાંચ લાખની જોગવાઈ કરવામાં આવી છે તેમજ મરામત અને નિભાવણી માટે રૂ. ૪ લાખની જોગવાઈ કરવામાં આવી છે. ભાજપના શ્રી અમરસિંહે ચર્ચામાં ભાગ લેતાં જણાવ્યું હતું કે બજેટમાં માત્ર આંકડાઓની માયાજાળ રચવામાં આવી છે. તેમણે પંચાયત પ્રમુખે અને નાણાંનો આડેધડ વહીવટ કરવા માટે નોન પ્લાનના માર્ગો માટે ઓછી જોગવાઈ કરી હોવાનું જણાવી ગેષ્ટહાઉસો અને અન્ય સુવિધાઓ માટે મોટુ ભંડોળ ફાળવ્યુ છે. ભાજપના શ્રી જયેશ ચૌધરીએ સ્વચ્છતા ઝુંબેશ માટે નાણાંકીય જોગવાઈ કરવા ઉપરાંત સ્માર્ટ વિલેજની સરકારની કલ્પનાને સાકાર કરવા બજેટ ફાળવવા માંગ કરી હતી. તેમણે તેમના પ્રવચનમાં સભ્યોને વિસ્તાર વિકાસની ગ્રાન્ટ પણ રૂ. ૧૦ લાખ આપવી જોઈએ તેવી માંગ કરી હતી. આ પછી બજેટ મત માટે મુકાતાં ભાજપના વિરોધ સાથે બહુમતિથી બજેટ પસાર કરાયેલુ જાહેર કરાયું હતું.

# કુડાસણ પાટીયા પાસે કાર - રીક્ષા વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર - કોબા માર્ગ પર આવેલા કુડાસણ ગામના પાટીયા પાસે ગત્‌રાત્રે રીક્ષા અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં રીક્ષામાં સવાર મુસાફરને ઈજા પહોંચતા ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયારે અકસ્માતમાં રીક્ષાને ભારે નુકશાન થવા પામ્યું છે. આ બનાવને પગલે મોટીસંખ્યામાં માર્ગ પરથી પસાર થતા વાહન ચાલકો અને આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા. આ ઘટનાને પગલે ટ્રાફીકજામના દ્રશ્યો પણ સર્જાયા હતા. ગાંધીનગર કોબા માર્ગપર આવેલા કોબા ગામના પાટીયા પાસે શુકન ફલેટની સામે ગત્ રાત્રે અંદાજે ૮ કલાકના અરસામાં અમદાવાદ થી ગાંધીનગર મુસાફર લઈને આવી રહેલી રીક્ષા નંબર- જીજે૧ સીવી-૮૮૨૬ ને કુડાસણ પાસે કારે અડફેટે લીધી હતી. રીક્ષા અને કાર વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાતા લોકો બહાર આવી ગયા હતા. જયારે માર્ગ પરથી પસાર થતા વાહન ચાલકો પણ એકત્ર થઈ આવી ગયા હતા અને રીક્ષામાં સવાર અશોક ખુશાલભાઈ સોલંકી (ઉ-૫૦ વર્ષ, રહે- જુના માધુપુરા અમદાવાદ) ને ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવને પગલે માર્ગ પર ટ્રાફીકજામના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા. કારે રીક્ષાને એટલી જોરદાર ટક્કર મારી હતી કે રીક્ષાનો ખુડદો બોલી ગયો હતો જયારે કારને પણ મોટું નુકશાન થવા પામ્યુ હતું.



## ફ્લાય ઓવર

● અનુસંધાન પહેલાનું ચાલુ

બચાવ અને રાહત કામગીરીને ઝડપી કરવાનો આદેશ કર્યો છે. આ સમગ્ર મામલામાં દોષિતો સામે કઠોર કાર્યવાહી કરવામાં આવશે. ઘાયલોને તમામ મદદ કરવાની ખાતરી પણ આપવામાં આવી છે. ફ્લાયઓવરના કાટમાળ હેઠળ મોટી સંખ્યામાં લોકો ફસાઈ ગયા હતા. કાટમાળ હેઠળ મોટી સંખ્યામાં વાહન પણ ફસાઈ ગયા હતા. આજે બપોરે આ બનાવ બન્યો હતો. બજારની નજીક રવિન્દ્ર સરણી કે કે ટાગોર સ્ટ્રીટ ઉપર આ બનાવ બન્યો હતો.

## ફોર્મ ભરાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવરી લેવાય તેવી પણ વ્યવસ્થા કરવામાં આવશે. રાઈટ ટુ એજયુકેશન હેઠળ ધો-૧માં પ્રવેશ મેળવ્યા બાદ વિદ્યાર્થીને ધોરણ-૮ સુધી મફત શિક્ષણ પુરુ પાડવામાં આવે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને ટ્રાન્સપોર્ટેશન ખર્ચ પણ આપવામાં આવે છે. શરૂઆતના તબક્કે આ યોજના અન્વયે શિક્ષણતંત્રને નિરાશા સાંપડી હતી. પરંતુ છેલ્લા બે વર્ષથી લાભાર્થીઓ પણ જાગૃત થતા જિલ્લામાં રાઈટ ટુ એજયુકેશનની યોજના આર્શીવાદરૂપ પુરવાર થઈ હોવાનુ સ્પષ્ટ થયુ છે.

## અર્ધઅછતગ્રસ્ત

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવશે. આ રીતે આગામી સંભવિત અછતગ્રસ્તની પરિસ્થિતિની પહોંચી વળવા માટે રાજય સરકારે જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં તબક્કાવાર સમીક્ષા બેઠકો કરીને પુરતા પગલા લીધા છે.

પરિણામે આજે કોઈ પણ ગામમાં પીવાના પાણી કે ઘાસચારાની તંગી નથી તેમ પણ મંત્રી ચુડાસમાએ ઉમેર્યું હતું. આ અછત અંગેની પેટા સમિતીની બેઠકમાં મુખ્ય સચિવ જીઆરઅલોરિયા સહિત વિવિદ સંબંધિત વિભાગોના ઉચ્ચ સનદી અધિકારીઓ ઉપસ્થિત રહી પરિસ્થિત રહી પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.



ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ ગઈકાલે રાજભવન ખાતે સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા આયોજિત સમારોહમાં સંસ્કૃત વિદ્વાન ડૉ. અંબાલાલ પ્રજાપતિને સંસ્કૃત ગૌરવ પુરસ્કારથી અને શ્રી ગોપાલ ઉપાધ્યાયને યુવા ગૌરવ પુરસ્કારથી સન્માનિત કર્યા હતા. ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત કરનાર ડૉ. પ્રજાપતિએ સન્માન માટે આભારની લાગણી વ્યક્ત કરી, સંસ્કૃત પ્રત્યેની પ્રતિબદ્ધતા દોહરાવી હતી. પ્રારંભમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહાએ તેમના સ્વાગત પ્રવચનમાં ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત કરનાર પ્રતિભાઓનો પરિચય આપ્યો હતો અને અકાદમી દ્વારા હાથ ધરાયેલ વિવિધ સાહિત્યિક પ્રવૃત્તિઓની રૂપરેખા આપી હતી. અકાદમીના શ્રી મનોજ ઓઝાએ આભારવિધિ કરી હતી.




## તન-દુરસ્તી

● ૪ પાનાનું ચાલુ...

વર્ણન કર્યું તે તો સીકલસેલ માજ થાય. શકરીબાને કઈ સમજણ ના પડી. પણ સાહેબ મારી દીકરી સાજી થઈ જશે ને? ડોકટરે કહ્યું કે લોહીના રીપોર્ટ પર આધાર છે. ડોકટરે HBTCDCESR, HB ELECTROPHORESIS અને સીકલસેલ નામના ટેસ્ટ અને એક્શ-રે લખી દીધા. લેબોરેટરીમા શકરીબેને અને અરુણાબેને બેબીના લોહીના નમુના આપ્યા. લેબોરેટરીવાળાએ કયું કે HB ELECTROPHORESIS રીપોર્ટ સાંજે ૭ વાગે થશે. લેબોરેટરીવાળાએ તપાસ શરુ કરી. હિમોગ્લોબીન ૪ ગ્રામ આવ્યું. લોહીની સ્લાઈડ મા સીકલસેલ એટલે દાંતરડા જેવા સેલ દેખાતા હતા. અને HB ELECTROPHORESIS મા HB-S નામનો બેન્ડ પણ દેખાતો હતો. નિદાન નક્કી થયી ગયું કે સીકલસેલ નામનો રોગ આ દીકરીને થયો છે.

સીકલસેલ એટલે શું?

શરીરમા રક્તકણો હોય છે. જે રક્તકણો નું કામ શરીર મા ઓકસીજન પહોંચાડવાનુ છે. શરીરના દરેક અવયવોને ઓકસીજન બરાબર મળે અને અવયવ ને જીવતો રહેવા માટે ઓકસીજન કામ કરે છે. જે રક્તકણ સીકલસેલ જેવો હોય છે તેમાં ઓકસીજન સંઘરવાની શક્તિ ઓછી હોય છે એટલે શરીર ના દરેક અવયવને પુરતો ઓકસીજન મળે માટે વધારે રક્તકણ બનાવવા પડે છે. ખાસ કરીને ફેફસાને કામ કરવા માટે વધારે ઓકસીજન ની જરૂર પડતી હોય છે. પણ સીકલસેલના હિસાબે ફેફસાને પુરતો ઓકસીજન મળતો નથી. તેથી સીકલસેલ વાળા દદીને છાતીમા દુખતું હોય છે. હાથ - પગ મા પણ પુરતો ઓકસીજન ન મળવાને કરણે સોજા આવે છે અને સાંધાનો દુખાવો થાય છે. અને શરીરને રક્તકણો વધારે બનાવા પડે છે. અને મોટા ભાગના રક્તકણ સીકલસેલ હોય છે. તેથી હિમોગ્લોબીન ઓછું થયી જાય છે.

સીકલસેલ થવાનું કારણ શું?

સીકલસેલ એક જીનેટિક ઉણપ છે. જે AUTOSOMAL RECESSIVE પ્રકારની છે. માતા તથા પિતામાંથી જવાબદાર GENE બાળક ના શરીરમાં ઉતારે છે. માતા, પિતા માં SICKLE CELL GENE હોય તો 25 % NORMAL બાળક અવવવાની સંભાવના હોય છે., જયારે ૭૫ % બાળક અસરગ્રસ્ત થઈ શકે છે.

સામાન્ય રીતે આવા દર્દીને જંતુનો ચેપ ના લાગે માટે તેને વાઈરલ અથવા બેકટેરિયલ ઈન્ફેકશનથી દૂર રાખવુ જોઈએ. અને લોહી ઓછું થઈ જાય ત્યારે તાજું લોહી ચઢાવું જોઈએ. અને શરીરમા દુખાવો અસહ્ય થાય ત્યારે ડોકટર ની સલાહ મુજબ દવા આપવી જોઈએ.

સીકલસેલના દદીનુ આયુષ્ય પહેલા ૧૫ થી ૨૦ વર્ષનું હતું. હવે મેડીકલ સાયન્સ આગળ વધવાને હિસાબે દદીનું આયુષ્ય ૪૦ થી ૫૦ વર્ષ સુધીનું થઈ ચુક્યું છે. શકરીબાની દીકરી દવાઓ સાથે જરૂર પડે ત્યારે લોહીની મદદથી આનંદથી હવે જીવી રહી છે. અંબાજી માતાની કૃપા અને ડોકટર સાહેબની દવા બંને કામ કરી રહ્યા છે.